RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 261* Date: 18.07.2021 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર, ૩૨૪૫ વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ મેળવ્યા

# ઇતિહાસમાં પ્રથમવાર વિ.પ્રવાહનું ૧૦૦% પરિણામ જાહેર

### ૨૬,૮૩૧ વિદ્યાર્થીએ B2 ગ્રેડ મેળવ્યો, સુરતમાં સૌથી વધુ એ-૧ ગ્રેડના ૫૪૬ વિદ્યાર્થીઓ પાસ થયા

*ગાંધીનગર,તા.૧૭*

આજે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં અત્યાર સુધીના ઈતિહાસમાં રેકોર્ડબ્રેક ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરેલા પરિણામમાં ૩૨૪૫ વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. જ્યારે ૧૫ હજાર ૨૮૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે. A ગ્રૂપમાં ૪૬૬ વિદ્યાર્થીઓએ ૯૯ ટકાથી વધુ માર્ક્સ મેળવ્યા છે. જ્યારે B ગ્રૂપમાં ૬૫૭ વિદ્યાર્થીઓએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે. ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને કોરોનાના કારણે માસ પ્રમોશન આપવામાં આવ્યું છે પરંતુ તેમની માર્કશીટમાં માસ પ્રમોશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. હાલ શાળાઓ જ પરિણામ જોઈ શકશે અને વિદ્યાર્થીઓને પરિણામ જણાવશે.

અમદાવાદ શહેરમાં ૧૦૯ વિદ્યાર્થી અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૩ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. સૌથી વધુ ૨૬,૮૩૧ વિદ્યાર્થીએ મ્૨ ગ્રેડ મેળવ્યો છે.

સુરતમાં A1 ગ્રેડમાં ૫૪૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. સુરત શહેરની આશાદીપ ગ્રૂપ ઓફ સ્કૂલના જ ૧૩૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આખા રાજયમાં સુરત શહેરનું સર્વશ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. સુરતમાં A2 ગ્રેડમાં ૨૫૪૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. સુરતમાંથી કુલ ૧૩,૭૩૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. R2 ગ્રેડમાં આખા રાજયમાં ૪ વિદ્યાર્થીઓ અને સુરતનો ૧ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

રાજય શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સાયન્સ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં ગુજરાતી માધ્યમમાં ફક્ત બે વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમમાં ફક્ત બે વિદ્યાર્થીઓનું પરિણામ નબળુ સામે આવ્યું છે. આમ કુલ ચાર વિદ્યાર્થીઓનું સમગ્ર રાજયમાં પરિણામ નબળુ આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ધોરણ.૧૨ સાયન્સમાં કુલ ૧,૪૦,૩૬૩ વિદ્યાર્થી નોંધાયા છે, જેમાં ૧,૦૭,૭૧૧ વિદ્યાર્થી નિયમિત છે જ્યારે ૩૨,૬૫૨ વિદ્યાર્થી રિપિટર્સ નોંધાયા હતા.

રાજયમાં કોરોના મહામારીની સ્થિતિને જોતા રાજય સરકારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના વર્ષ ૨૦૨૧ના નિયમિત ઉમેદવારોની પરીક્ષા રદ કરીને પરિણામ જાહેર કરવા માટે એક નવી નીતિ જાહેર કરી હતી જે મુજબ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. જોકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામમાં ક્યાં માસ પ્રમોશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને વિદ્યાર્થીઓને પરંપરાગત માર્કશીટ જ આપવામાં આવશે. હાલ ફક્ત શાળાઓ જ પરિણામ જોઈ શકતી હોવાથી વિદ્યાર્થીને પોતાનું પરિણામ જાણવા માટે શાળાનો જ સંપર્ક કરવાનો રહેશે.



ધોરણ ૧૨ના તમામ પ્રવાહના નિયમિત ઉમેદવાર માટે સરકાર દ્વારા ગુણાંકન પદ્ધતિ અનુસાર, પરિણામ તૈયાર કરવામાં આવશે. આ પરિણામ પ્રસિદ્ધ થયા બાદ કોઈ વિદ્યાર્થીને પરિણામથી અંસતોષ હોય તો તેવા વિદ્યાર્થી પરિણામ પ્રસિદ્ધ થયાના ૧૫ દિવસમાં પોતાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા અલગથી પરીક્ષા યોજવામાં આવશે. આ અંગેનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

### રોજ ૧૧થી સાંજે ૬ સુધી ચાલશે કાર્યવાહી

## સોમવારથી ચોમાસુ સત્ર શરુ થશેઃ ખેડૂતો-કોરોના-મોંઘવારી મુદ્દે વિપક્ષ બઘડાટી બોલાવશે

ન્યુ દિલ્હી,તા.૧૭

સોમવારથી સંસદના ચોમાસુ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ૧૯ દિવસ ચાલનારા આ સત્રમાં વિવિધ મુદ્દે ભારે હંગામો મચે તેવી શકયતા છે. કોરોના, પેટ્રોલ-ડીઝલના ભાવ, ખેડૂતના પ્રશ્નો, વેકસીનેશન સહિતના મુદ્દે ધબધબાટી બોલે તેવી શકયતા છે. સત્ર પૂર્વે સરકાર અને વિપક્ષ પોતપોતાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત છે અને બેઠકોના દૌર શરૂ થયા છે. આ રાજયસભાના સભાપતિએ આજે તમામ પક્ષોની બેઠક બોલાવી છે તો આવતીકાલે સરકારે સર્વપક્ષીય અને એનડીએની બેઠક બોલાવી છે. આ સત્રમાં સરકાર ૩૦ બીલ પસાર કરાવવા માંગે છે. આ સત્ર સવારે ૧૧ થી ૬ સુધી ચાલશે અને તે ૧૩ ઓગષ્ટે પુરૂ થશે.

સોમવારથી શરૂ થતા ચોમાસુ સત્ર પહેલા રાજયસભાના સભાપતિ વૈંકયા નાયડુએ આજે વિવિધ પક્ષોની બેઠક બોલાવી છે જે તેમના નિવાસે યોજાશે. જેમાં વિવિધ પક્ષોના નેતાઓને કેન્દ્રીય મંત્રીઓ ભાગ લેશે. આ બેઠકમાં વૈંકયા નાયડુ બધા પક્ષોને ગૃહ શાંતિપૂર્વક ચાલે તે માટેની અપીલ કરશે. રાજયસભામાં નવા નેતા પિયુષ ગોયલ છે તેમણે ગઈકાલે મનમોહન, શરદ પવાર અને આનંદ શર્મા સાથે બેઠક યોજી હતી.

કેન્દ્ર સરકારે ચોમાસુ સત્ર પહેલા રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. જેમાં પીએમ મોદી પણ સામેલ થશે. સંસદના ચોમાસુ સત્ર દરમિયાન પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસના ભાવમાં વધારો, કોરોનાની પરિસ્થિતિ, કૃષિ કાનૂન, રસીકરણ સહિતના મુદ્દાઓ ગાજે તેવી શકયતા છે. બેઠક પૂર્વે શાસક અને વિપક્ષ પોતાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત છે.

બન્ને ગૃહોની બેઠક સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. આ સત્ર ૧૩ ઓગષ્ટ સુધી ચાલશે. સત્ર દરમિયાન કોરોનાના પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે. રોજ સાંજે ૬ વાગ્યા સુધી બેઠક ચાલશે. આ સત્રમાં સરકાર ૩૦ જેટલા ખરડાઓ પસાર કરાવવા માંગે છે. જેમાં ૧૭ બીલ નવા હશે અને ૧૩ સંશોધિત હશે.

### બંધર બારણે બંન્ને નેતાઓ વચ્ચે ૫૦ મિનિટ સુધી વાતચીત ચાલી

## એનસીપી સુપ્રિમો પવારે વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરતાં રાજકીય ગરમાટો

ન્યુ દિલ્હી,તા.૧૭

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના પ્રમુખ શરદ યાદવે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમના નિવાસ સ્થાને મુલાકાત કરી છે. દિલ્હીમાં અચાનક વડાપ્રધાન મોદી અને શરદ પવાર વચ્ચે બેઠકથી રાજકીય ગરમાવો આવી ગયો છે અને અટકળોનું બજાર ગરમ થયું છે. સૂત્રોના મતે પીએમ મોદી અને પવાર વચ્ચેની આ બેઠક ૫૦ મિનિટ સુધી ચાલી હતી. આ મુલાકાતના અનેક રાજકીય ક્યાસ પણ કાઢવામાં આવી રહ્યા છે. અગાઉ શુક્રવારે કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ તેમજ પૂર્વ મંત્રી પીયૂષ ગોલે પણ એનસીપી ચીફ શરદ પવાર સાથે મુલાકાત કરી હતી.

વડાપ્રધાન મોદી કાર્યલટે ટ્વીટ કરીને આ મુલાકાતની પુષ્ટિ કરી છે. પીએમઓએ તસવીર સાથે ટ્વીટમાં લખ્યું કે, રાજયસભાના સાંસદ શરદ પવાર નરેન્દ્ર મોદીને મળ્યા. આ બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે થોડા દિવસ અગાઉ એવી વાત સામે આવી હતી કે શરદ પવાર રાષ્ટ્રપતિ પદના સંભવિત ઉમેદવાર બની શકે છે. શરદ પવારે આ અટકળોને રદીયો આપ્યો હતો. આ મુલાકાતને લઈને મહારાષ્ટ્રમાં નવા રાજકીય સમીકરણોની પણ ચર્ચા વેગવાન બની છે.

મુંબઈમાં થોડા દિવસ બાદ બીએમસીની ચૂંટણી યોજાવાની છે, તેમજ વિધાનસભા સ્પીકરની ચૂંટણી પણ યોજાવાની છે. જેને પગલે મોદી અને પવારની બેઠકને લઈને અનેક રાજકીય ક્યાસ લગાવવામાં આવી રહ્યા છે. આ બેઠક પર શિવસેના અને કોંગ્રેસની પણ નજર રહી છે અને તેઓ એલર્ચ મોડમાં આવી ગયા છે.

૧૯ જુલાઈથી સંસદના ચોમાસુ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે તે પૂર્વે શુક્રવારે પીયૂષ ગોયલે પણ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘ, કોંગ્રેસના નેતા આનંદ શર્મા અને એનસીપી પ્રમુખ શરદ પવાર સહિત અન્ય વિપક્ષના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. સરકાર દ્વારા ચોમાસુ સંત્ર અગાઉ વિપક્ષના ટોચના નેતાઓ સાથેની બેઠકથી એવું ફલિત થાય છે કે કેન્દ્ર ગૃહમાં વિપક્ષનો સહયોગ ઈચ્છે છે. કેન્દ્ર સરકાર આ સત્રમાં ૧૭ વિધેયક લાવે તેવી શક્યતા છે.

### યુએનમાં ભારતે પત્રકાર દાનિશની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો

યુએન,તા.૧૭

ભારતમાં યુએનએસસીમાં પુલિત્ઝર પુરસ્કાર વિજેતા ફોટો જર્નાલિસ્ટ દાનિશ સિદ્દીકીની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો. વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ શુક્રવારના રોજ યુએનએસસીની બેઠકમાં કહ્યું કે ભારત અફઘાનિસ્તાનમાં પત્રકાર દાનિશ સિદ્દીકીની હત્યાની આકરી નિંદા કરે છે. તેમણે સશસ્ત્ર સંઘર્ષની સ્થિતિમાં માનવીય કાર્યકર્તાઓની વિરૂદ્ધ હિંસા પર ગંભીર ચિંતા વ્યકત કરી. દાનિશ પાકિસ્તાન બોર્ડર પર સ્પિન બોલ્ડર વિસ્તારમાં તાલિબાન અને અફઘાન ફોર્સીસની વચ્ચે થયેલા યુદ્ધને કવર કરી રહ્યા હતા. આ દરમ્યાન તેમને હમ્વી પર તાલિબાને આરપીજીથી કમ સે કમ ત્રણ વખત હુમલો કર્યો. કહેવાય છે દાનિશ ખરાબ રીતે ઘાયલ થયા હતા ત્યારબાદ તેમનું મોત થયું. તાલિબાને તેમના મૃતદેહને ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસને સોંપી દીધો. જયાંથી તેમને ભારત લાવવાની તૈયારી કરાય રહી છે.

### દેશમાં અત્યાર સુધીમાં કુલ ૩૯.૯૬ કરોડ લોકોને કોરોના રસી આપવામાં આવી

## દેશમાં માથુ ઉચકતો કોરોના,૨૪ કલાકમાં ૩૮ હજારથી વધુ કેસ,૫૬૦ લોકોના મોત



*ન્યુ દિલ્હી,તા.૧૭*

દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ભલે ઓછી થઈ હોય પરંતુ સંભવિત ત્રીજી લહેરના ખતરાએ તમામ લોકોને ચિંતામાં મૂકી દીધા છે. દક્ષિણ ભારતમાં વધી રહેલા કોરોનાના ગ્રાફ પરથી એવો સંકેત મળે છે કે દેશમાં બહુ ઝડપથી કોરોનાની ત્રીજી લહેર જોવા મળી શકે છે. સ્વાસ્થ્ય મંત્રાલયે શનિવારે સવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૮,૦૭૯ કેસ નોંધાયા છે. આ દરમિયાન ૫૬૦ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. કોરોના નવા કેસ સામે આવ્યા બાદ હવે દેશમાં કોરોનાથી સંક્રમિત થયેલા લોકોની કુલ સંખ્યા ૩,૧૦,૬૪,૯૦૮ થઈ ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં હાલ કોરોનાના ૪,૨૫૪,૦૨૫ એક્ટિવ કેસ છે. જયારે ૩,૦૨,૨૭,૭૯૨ લોકો કોરોનાથી સ્વસ્થ થયા છે. જે સાથે દેશમાં રિકવરી રેટમાં પણ સુધાર જોવા મળ્યો છે અને રિકવરી રેટ ૯૭.૩૧ ટકા જેટલો થયો છે. કોરોનાથી દેશમાં અત્યાર સુધી કુલ ૪,૧૩,૦૯૧ લોકોનાં મોત થયા છે. દેશમાં અત્યારસુધી ૩૯,૯૬,૯૫,૮૭૯ લોકોને કોરોનાની વેક્સીન લગાવવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૨,૧૨,૫૫૭ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી છે.

જોકે લેટેસ્ટ ડેટા મુજબ મૃત્યદર જોઈએ તો તે ૧.૩૩ ટકા જેટલો વધ્યો છે. આ સાથે દેશમાં એક્ટિવ કેસ લોડ પણ ઘટ્યો છે. હાલ દેશમાં ૪.૨૪ લાખ એક્ટિવ કેસ સાથે કુલ સંક્રમણના ૧.૩૬ ટકા એક્ટિવ કેસ છે. સરકારી ડેટા દર્શાવે છે કે છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૬,૩૯૭નો ઘટાડો આવ્યો છે.

દેશમાં શુક્રવારના દિવસે કુલ ૧૯,૯૮,૭૧૫ કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જે સાથે અત્યાર સુધી કુલ ટેસ્ટનો આંકડો ૪૪,૨૦,૨૧,૯૫૪ થઈ ગયો છે. આ દરમિયાન દૈનિક પોઝિટિવિટી રેટ ૧.૯૧ જેટલો નોંધાયો હતો. જે છેલ્લા ૨૬ દિવસથી સતત ૩ ટકા નીચે છે. તેમજ વિકલી પોઝિટિવિટી રેટ ૨.૧૦ ટકા જેટલો નોંધાયો હતો.

રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા મહારસીકરણ અભિયાન અંતર્ગત દેશમાં અત્યાર સુધીમાં કુલ ૩૯.૯૬ લોકોને કોરોના રસી આપવામાં આવી છે. જ્યારે બીજી લહેર દરમિયાન ભારતે ૪ મેના રોજ ટોટલ કોરોના કેસમાં ૨ કરોડનો આંક પાર કર્યો હતો. જે બાદ ૨૩ જૂનના રોજ ૩ કરોડનો આંક પાર કર્યો હતો.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૪૬૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૩૮૫૩**

### બ્રિટનમાં કોરોનાનો કહેર, જાન્યુઆરી પછી દૈનિક કેસ ૫૦ હજારને પાર

લંડન,તા.૧૭

બ્રિટનમાં કોરોના વાયરસના કેસોમાં અસાધારણ ઉછાળો આવતા વધુ એક વખત ખતરો ઉભો થયો છે. બ્રિટનમાં જાન્યુઆરી પછી સૌપ્રથમ વખત એક દિવસમાં કોરોનાના પોઝિટિવ કેસ ૫૦ હજારથી વધુ મળી આવ્યા છે. આ ઉપરાંત કોરોનાને લીધે ૨૪ કલાકમાં ૪૯ લોકોના મોત થયા છે. બ્રિટનમાં જે રીતે ફરીથી કોરોના બ્લાસ્ટ થયો છે તેને લઈને વધુ એક લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે.આરોગ્ય વિભાગના મતે દેશમાં એક દિવસમાં ૫૧,૮૭૦ નવા કેરોનાના કેસ મળ્યા છે. એક સપ્તાહમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં ૪૫ ટકાનો ઉછાળો નોંધાયો છે. હોસ્પિટલોમાં પણ બેડ ફરીથી ભરાવા લાગ્યા છે. કોરોનાના કેસોમાં એકાએક આવેલા ઉછાળાથી હવે હોસ્પિટલમાં દાખલ થતા નવા દર્દીઓ તેમજ મૃતકોના આંકમાં વૃદ્ધિ જોવા મળે છે. નિષ્ણાતોએ યુકેમાં વધી રહેલા કેસો પાછળ કોરોના પ્રતિબંધોમાં અપાયેલી છૂટછાટ તેમજ યુરો ૨૦૨૦ને જવાબદાર ગણાવ્યા છે.

અગાઉ ૧૫ જાન્યુઆરીના સૌથી વધુ ૫૫,૭૬૧ કેસ નોંધાયા હતા. બ્રિટનના આરોગ્ય મંત્રી સાજિદ જાવિદના મતે બ્રિટનમાં ૬૭ ટકા વયસ્ક લોકોને કોવિડ ૧૯ની વેક્સિનના બન્ને ડોઝ અપાયા છે. અમે અમારા લક્ષ્યન એક સપ્તાહમાં પૂર્ણ કરી લીધું છે. આ એક મોટી ઉપલબ્ધિ છે. રસી લેવા માટે આગળ આવેલા તમામ લોકોનો આભાર. પ્રવર્તમાન સમયમાં રસી જ કોરોના સામે કવચ પુરું પાડે છે. કોરોનાના ડેલ્ટા વેરિયન્ટનો પણ પ્રકોપ વધી રહ્યો હોવાનું કેટલાક આરોગ્ય નિષ્ણાતો માની રહ્યા છે. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડે જણાવ્યું કે કોરોનાના કેસો વધુ છે અને કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે પરંતુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી પડી રહી. આના પરથી સ્પષ્ટ થાય છે કે કોરોના વાયરના આ ખતરનાક વેરિયન્ટ સામે પણ રસી અસરકારક છે.

## તંત્રી સ્થાનેથી...

### અસહ્ય મોંઘવારીએ લોકોનું જીવન દોહ્યલુ બનાવી દીધું છે......!?

*કોરોના કાળ પછી દેશભરમાં મોટાભાગના ઉદ્યોગો વેપાર ધંધા રોજગારના દરવાજા ખુલી ગયા છે. તે સાથે મોંઘવારીએ માઝા મૂકી છે. આજના કપરા સમયમાં જીવન જરૂરી કે રોજીંદા વપરાશની ચીજ વસ્તુઓના ભાવો સતત વધી રહ્યા છે. જેને નિયંત્રણમાં રાખવાની જરૂર છે ત્યારે સરકાર પણ વિચાર્યા વગરની નીતિઓ લાગુ કરી રહી છે જે કારણે મોંઘવારીને કાબુમાં લેવાના બદલે બેફામ વધી રહી છે. દેશમાં રોજેરોજ પેટ્રોલ-ડીઝલના ભાવો વધતા જઈ રહ્યા છે જેની અસર દેશના તમામ વેપાર, ધંધાઓ ઉપર પડી છે. તો રાધણ ગેસની કિંમતોમાં ભાવ વધારો કરતાં ગૃહિણીઓને તેનું રસોડાનું બજેટ પરેશાની આપતું બની ગયુ છે. બીજી તરફ કરોડો લોકોએ નોકરી, રોજગાર ગુમાવ્યા છે અને નવી નોકરીઓ પેદા થઈ નથી પરિણામે બેરોજગારોની સંખ્યા પણ વધી ગઈ છે. તે સાથે નોકરી કરતા નોકરિયાતોના પગારમાં જે તે ઉદ્યોગો વિવિધ માર્કેટો, વેપાર-ધંધાર્થીઓએ પગાર કાપ કરી નાખ્યો છે..., જે કારણે આમ પ્રજાની હાલાકી અસહ્ય બની જવા પામી છે. પેટ્રોલ- ડિઝલના ભાવ વધારાની અસર ટ્રાન્સપોર્ટેશન પર થઈ અને ચીજ-વસ્તુઓ, માલ સામાન હેરફેરમાં ભાડા-દરો વધ્યા, દૂધના ભાવમાં પણ વધારો થયો અને માત્ર આ ચીજ વસ્તુઓજ નહીં પરંતુ શાકભાજી જીવન જરૂરી તમામ ચીજ વસ્તુઓમાં ભાવો વધી ગયા છે.બીજી તરફ માંડ બે છેડા ભેગા કરી શકતો સામાન્ય વર્ગને હવે ખાવા પીવામા પણ કરકસર કરવી પડે છે. પરિણામે નાના-મોટા બજારો પણ ખરીદારોના અભાવે રોનક ગુમાવી રહ્યા છે, અને આ બજારોની અસર વિવિધ ચીજ વસ્તુઓનુ ઉત્પાદન કરતા ઉદ્યોગો પર થઈ છે. મતલબ દેશભરમાં મોંઘવારી અને બેરોજગારીને કારણે આમ પ્રજાની કેડ ભાંગી ગઈ છે.......!*

*છેલ્લા એક મહિનામાં પેટ્રોલ-ડીઝલ તથા રાંધણગેસના જે પ્રકારે ભાવ વધી ગયા છે તેનાથી આમ પ્રજાની હાલત કફોડી બની ગઇ છે. પરંતુ સરકારને નાણાની જરૂરત હોઈ સરકાર પણ આ બાબતે સદંતર બેધ્યાન છે. જોકે કોરોના કાળમાં સરકારને સ્વાસ્થ્ય સેવાઓ,વેક્સિન ખરીદી સહિતનો બેહદ ખર્ચ થયો છે અને થઈ રહ્યો છે. સરકારને આ ત્રણેય ચીજો પેટ્રોલ-ડીઝલ, ગેસ પર કરોડો રૂપિયા જીએસટી મળે છે. એટલે ભાવો ઘટવાની આશા રાખવી નકામી છે. જોકે ચારેક વર્ષ પહેલા સરકારે પેટ્રોલિયમ પેદાશોમા ડાયનેમિક પ્રાઇસીંગની વ્યવસ્થા અમલમાં મૂકવા સાથે સરકારે દાવો કર્યો હતો કે આ વ્યવસ્થા લોકોના ભલા માટે છે. જેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં થતી પેટ્રોલિયમની કિંમતોની વધઘટનો સીધો લાભ લોકોને મળશે..પરંતુ બન્યું છે ઉલટું. આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલિયમ પેદાશોની કિંમત ઓછી હોવા છતાં ભારતમાં તેના ભાવ ઘટાડાનો લાભ લોકોને મળ્યો નથી અને ઉપરથી કિંમત વધારવાનું કામ ભારત પેટ્રોલિયમ કંપનીઓએ કર્યું છે. તો પેટ્રોલિયમ પેદાશોના ભાવો ઘટ્યા ત્યારે સરકારે તેના પર એક્સાઈઝ ડ્યુટી વધારતી રહી પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલિયમની કિંમતો તળીયે હતી ત્યારે દેશની પ્રજા પેટ્રોલ-ડીઝલના આસમાની ભાવ ચુકવતી હતી.... અને સરકાર.... પેટ્રોલિયમ કંપનીઓ.....!?!*

## ભાજપ શાશન માં અધિકારી, બુટલેગર, વહીવટદારો ની બોલબાલા

કોણ કહે છે ગાંધીના ગુજરાતમાં નથી મળતો દારૂ ? ગાંધીના ગુજરાતના અમદાવાદ શહેરની વાત કરવામાં આવે તો દારૂ અને જુગારના સૌથી મોટા અડ્ડાઓ અમદાવાદ શહેરમાં ચાલી રહ્યા છે.એક તરફ ગુજરાત રાજ્યના ડીજીપી દ્વારા શહેરના પોલીસ કમિશ્નર ને સૂચના આપવામાં આવેલ છે કે દારૂ જુગાર જેવી ચાલતી પ્રવૃતિઓ ઉપર તાત્કાલિક અસરથી પગલાં લેવામાં આવે અને શખ્ત માં શખ્ત કાર્યવાહી કરવામાં આવે પરંતુ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર ની જાણ બહાર જ અમદાવાદ શહેરના અનેક પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં દેશી દારૂ અંગ્રેજી દારૂ અને બીજા અને કેફી પદાર્થોનું વેચાણ ધૂમ મચાવી રહ્યું છે પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા એટલા માટે બંધ કરાવવમાં આવતું નથી કે આ બુટલેગરો દ્વારા પોલીસ કર્મચારી થી લઈ ને ઉપર સુધીના અધિકારીઓને મલાઈની લસ્સી પહોંચાડવામાં આવતી હોય છે અને જ્યાં ના પહોંચે ત્યાં અધિકારીઓ દ્વારા રેડ કરી ને કાર્યવાહી કરવામાં આવતી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

અમદાવાદ શહેરમાં પોલીસ અધિકારીઓ કરતા તો સૌથી વધુ વહીવટદારો નું રાજ ચાલે છે.કારણકે જે પણ પોલીસ સ્ટેશનન વિસ્તારમાં જે પણ કોઈ ધંધો કરવો હોય તો પહેલા જે તે પોલીસ સટેશનના વહીવટદાર ને મળવું પડે છે અને ત્યારબાદ જ કોઈ પણ પ્રકારનો ધંધો કરવાની મંજૂરી આપવા આવે છે.

અમદાવાદ શહેરના મણિનગર પોલીસ સ્ટેશન ના વહીવટદાર ચિરાગ ચુડાસમા દ્વારા મણિનગર પોલીસ સ્ટેશન ની સામે જ આવેલ જલ સાગર ફ્લેટમાં ક્લાસિક નામની વ્યક્તિ ને અંગ્રેજી દારૂ વેચવાની મંજૂરી આપવામાં આવેલ છે અને વાત તો એટલી હદે વટી ગઈ છે કે વહીવટદાર ચિરાગ ચુડાસમા દ્વારા આ બુટલેગર પાસેથી ૩૦૦૦૦ રૂપિયા જેટલો મસ મોટો હપ્તો લેતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે અને આ વહીવટદાર ચિરાગ ચુડાસમા દ્વારા બીજા વધુ રૂપિયા કમાવવા માટે આ બુટલેગરના ઘર પાસે જ એક પોતાના પ્રાઈવેટ માણસ કે જેનું નામ પિયુષ છે તેને બેસાડવામાં આવેલ છે અને આ બુટલેગર જેવો દારૂ આપે કોઈ પણ ગ્રાહક ને અને લઈ ને નીકળે એટલે એ ગ્રાહક ને પકડી લેવામાં આવે અને ત્યારબાદ પોલીસ સ્ટેશન લઈ જઈ ને મસ મોટા તોડ કરતા હોવાની આખા મણિનગર વિસ્તારમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.હવે જોવાનું એ રહ્યું કે દરિયાપુર પોલીસ સ્ટેશનમાં જે રીતે અધિકારી અને કર્મચારી ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમ જ મણિનગર પોલીસ સ્ટેશન ના અધિકારી અને વહીવટદાર ઉપર કેટલા પગલાં લેવામાં આવે છે તે જોવાનું રહ્યું.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૬૭૯ અને ચાંદીમાં રૂ.૭૧૯નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

**સપ્તાહ દરમિયાન બુધવારે ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૬,૧૦૩.૪૩ કરોડનું ઉચ્ચતમ કામકાજ નોંધાયુઃ મેન્થા તેલ, ક્રૂડ તેલના વાયદામાં નરમાઈનો માહોલઃ કોટનમાં સેંકડા વધ્યાઃ કપાસ, સીપીઓ, રબરમાં વૃદ્ધિઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૨૬૯ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૨૨૨ પોઈન્ટની મૂવમેન્ટ**

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૯ થી ૧૫ જુલાઈના સપ્તાહ દરમિયાન ૧૮,૯૬,૯૧૦ સોદાઓમાં કુલ રૂ.૧,૬૨,૯૮૩.૨૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭૯ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૭૧૯ ઊછળ્યો હતો. સીસા સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યા હતા. કપાસ, સીપીઓ અને રબરમાં વૃદ્ધિ સામે મેન્થા તેલ ઢીલું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના વાયદામાં ૨૬૯ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના વાયદામાં ૨૨૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૨,૮૯,૯૨૩ સોદાઓમાં રૂ.૨૯,૩૧૭.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૯૨૬.૬૦ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૦.૬૭ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૫,૧૫૬.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે સપ્તાહ દરમિયાન બુધવારે ક્રૂડ તેલના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં ૬૪,૭૩૩ સોદાઓમાં રૂ.૬,૧૦૩.૪૩ કરોડનું ઉચ્ચતમ કામકાજ નોંધાયું હતું, જેમાં ક્રૂડ તેલના કોલ ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૦૯૪.૩૪ કરોડનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૦૦૯.૦૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓમાં એમસીએક્સ પર સોના-ચાંદીમાં ૭,૩૩,૨૨૨ સોદાઓમાં કુલ રૂ.૪૮,૨૭૧.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૭,૮૪૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૮,૫૦૧ અને નીચામાં રૂ.૪૭,૪૭૭ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૭૯ વધી રૂ.૪૮,૪૦૦ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૬૧ વધી રૂ.૩૮,૭૦૧ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૪ વધી રૂ.૪,૭૭૫ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૭૮૯ સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૦૧૭ અને નીચામાં રૂ.૬૮,૪૨૫ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૧૯ વધી રૂ.૬૯,૬૮૧ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૬,૬૫,૪૫૧ સોદાઓમાં કુલ રૂ.૫૦,૬૨૫.૨૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૪૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૬૩૦ અને નીચામાં રૂ.૫,૩૩૧ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૨ ઘટી રૂ.૫,૩૮૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૪૦ ઘટી રૂ.૨૭૧.૧૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૬,૪૫૨ સોદાઓમાં રૂ.૨,૧૩૦.૮૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૨૮૨.૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૪૬.૫૦ અને નીચામાં રૂ.૧૨૮૨.૫૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૫.૫૦ વધી રૂ.૧,૩૪૩.૫૦ બંધ થયો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬,૯૬૦ અને નીચામાં રૂ.૧૬,૭૫૨ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧ વધી રૂ.૧૬,૮૪૮ના ભાવે બંધ થયો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૦૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૮૨.૮૦ અને નીચામાં રૂ.૧૦૧૨.૫૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૮ વધી રૂ.૧૦૭૯.૧૦ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૮.૫૦ ઘટી રૂ.૯૫૭ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૪૧૦ વધી રૂ.૨૫,૫૮૦ બંધ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧,૮૨,૮૦૯ સોદાઓમાં રૂ.૨૫,૭૫૯.૦૩ કરોડનાં ૫૩,૬૬૬.૭૧૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫,૫૦,૪૧૩ સોદાઓમાં કુલ રૂ.૨૨,૫૧૨.૬૬ કરોડનાં ૩,૨૪૫.૬૩૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧,૮૬,૬૧૨ સોદાઓમાં રૂ.૨૦,૦૩૭.૪૩ કરોડનાં ૩,૬૪,૫૩,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૭૮,૮૩૯ સોદાઓમાં રૂ.૩૦,૫૮૭.૮૦ કરોડનાં ૧,૧૧,૧૧,૫૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૨૨ સોદાઓમાં રૂ.૩.૪૭ કરોડનાં ૫૨૮ ટન અને કોટનના વાયદાઓમાં ૩,૫૩૩ સોદાઓમાં રૂ.૩૯૩.૫૨ કરોડનાં ૧૫૪૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧,૨૫૧ સોદાઓમાં રૂ.૫૪.૨૦ કરોડનાં ૫૫૦.૦૮ ટન, રબરના વાયદાઓમાં ૧૮૨ સોદાઓમાં રૂ.૩.૪૨ કરોડનાં ૨૦૩ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧૧,૩૬૪ સોદાઓમાં રૂ.૧,૬૭૬.૨૧ કરોડનાં ૧,૫૯,૫૪૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૦૨.૨૮૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૪૦.૯૪૭ ટન, ક્રૂડ તેલમાં ૫,૮૪,૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૨૭,૬૧,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૪૦ ટન, કોટનમાં ૧૭૪૨૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૪.૪૪ ટન, રબરમાં ૧૦૦ ટન, સીપીઓમાં ૮૮,૧૭૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન ૧૮,૪૭૨ સોદાઓમાં રૂ.૧,૫૦૯.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૯,૩૪૦ સોદાઓમાં રૂ.૭૫૦.૫૯ કરોડનાં ૧૦,૧૬૯ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯,૧૩૨ સોદાઓમાં રૂ.૭૫૯.૩૨ કરોડનાં ૯,૯૩૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૩૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૭૮ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૭૦૯ના સ્તરે ખૂલી, ઉપરમાં ૧૪,૮૯૯ અને નીચામાં ૧૪,૬૩૦ના સ્તરને સ્પર્શી, ૨૬૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૭૯ પોઈન્ટ વધી ૧૪,૮૬૯ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૧૭૫ના સ્તરે ખૂલી, ૨૨૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧૬ પોઈન્ટ વધી ૧૫,૩૪૫ના સ્તરે પહોંચ્યો હતો.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે છેડછાડ કરેલ ૨૩ ટિકિટો પકડાઈ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવેલ એજન્ટો દ્વારા ટિકિટ કૌભાંડ ઝડપાયું

રાજપીપલા, તા.૧૭

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હાલ કોરોનાના કેસો ઘટતા ફરીથી પ્રવાસીઓ ઉમટી રહયા છે ત્યારે હાલ ઓનલાઇન ટિકિટ પ્રવાસીઓ બુક કરી રહ્યા છે. ત્યારે કેટલાક ટ્રાવેલીગ એજન્ટો વધુ નાણાં કમાવવાની લ્હાયમાં ઓનલાઇન ટીકીટમાં પણ કોમ્પ્યુટરથી છેડછાડ કરી મૂળ ટિકિટની કિંમત કરતા વધુ નાણાંની રકમ લખી પ્રવાસીઓ પાસેથી વધુ નાણાં લઈ પ્રવાસીઓ સાથે રીતસરની છેતરપિંડી કરવાનું કૌભાંડ પ્રકાશમા આવ્યું છે.

આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સિક્યોરિટી દ્વારા ઓનલાઈન ટિકિટ ચેક કરતા એમા છેડછાડ કરી હોવાનું બહાર આવતા સ્ટેચ્યુ સત્તાવાળા ચોકી ઉઠ્યા હતા.

જેમાં પ્રાથમિક મળેલ માહિતી મુજબ પ્રવાસી પાસેથી ટ્રાવેલ એજન્ટે વધુ પૈસા પડાવવા માટે મૂળ ટિકિટની પ્રિન્ટમાં છેડછાડ કરેલ હોવાનું ધ્યાને આવેલ છે.

જેથી એજન્ટ સામે ભોગ બનનાર પ્રવાસીએ ફરિયાદ કરતા ફરિયાદ કેવડિયા પોલીસ સ્ટેશન ખાતેફરિયાદી નાયબ મામલતદાર એસ.એમ.પ્રજાપતિ

ટિકિટિંગ શાખાએ પોલીસ ફરિયાદ નોંધાવીછે. પોલીસે આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

આ અંગે સ્ટેચ્યુ ના પીઆરઓ રાહુલ પટેલે જણાવ્યું હતું કે હાલ મળેલ માહિતી મુજબ ૨૩ ટિકિટ પકડાઈ છે.એજન્ટ ફર્મ માય વેલ્યુ ટ્રીપ દ્વારા કુલ - ૨૩ ટિકિટજેમાં ૧૯ એડલ્ટઅને ૪ ચાઈલ્ડની કૂલ ૨૩ટિકિટ પકડી છે.જેમાં ૧૯ એડલ્ટ ની ટિકિટનો મૂળ ભાવ - ૩૮૦ ના બદલે ૪૩૦ ગણી કૂલ ૫૦?વધારે લીધા છે. એટલે કૂલ ૧૯ટિકિટ ના ૫૦રૂપિયા વધારે ગણતા ૯૫૦રૂપિયા વધારે લેવાનો પ્રયાસ કર્યો છે જયારે ૪ ચાઈલ્ડની ટિકિટ નો મૂળ ભાવ - ૨૩૦ ના બદલે ૨૫૦ ગણેલછે. એટલે આ ચાર ટિકિટના ૨૦રૂપિયા વધારે લઈ ચાર ટિકિટ ના ૮૦રૂપિયા વધારે મળી ને કૂલ ૨૩ટિકિટના ૧૦૩૦રૂપિયાવધારે પ્રવાસી પાસેથી પડાવવા માટે ટિકિટના દરમાં છેડછાડ કરતા ઝડપાઈ જતા આ ટિકિટ કૌભાંડ પ્રકરણ સામે આવ્યું હતું અહી સ્ટેચ્યુ પર લાખો પ્રવાસીઓ આવતા હોઈ આવા લેભાગુ એજન્ટો હાલ ચોમાસાના દેડકાની જેમ ફૂટી નીકળ્યા છે.ત્યારે સ્ટેચ્યુ સત્તાવાળા ને ધ્યાને આવતા પોલીસ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગે કેવડિયા પોલીસ સ્ટેશનમા નોંધાવેલી પોલીસ ફરિયાદની વિગત અનુસાર આરોપી સુરત ખાતેની માય વેલ્યુ ટીપ ટ્રાવેલ્સ એજન્સી ના ઓએ ૧૯ વ્યક્તીઓની ટીકીટમાં એડીટ કરી રૂ.૫૦/- ઉમેરો કરી રૂ.૪૩૦/- વાળી ટીકીટના કુલ રૂ. ૮ ૧૭૦/- તેમજબીજા ૪ બાળકોની સ્ટેચયુની ટીકીટ રૂ.૨૩૦/

-મા રૂ.૨૦/- નો ઉમેરો કરી કુલ રૂ.૧૦૦૦/- નો ફેરફાર કરી અમારા અસલ દસ્તાવેજો સાથે છેડછાડ કરી પ્રવાસી ઓનેસ્ટેચ્યુ ઓફ યુનીટી ની ટીકીટનો ખોટો દસ્તાવેજ બનાવી આપી અને તે ટીકીટનો દૂરઉપયોગ કરાવડાવી



ગુનોકરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સતામંડળના અધિક કલેકટર હિમાંશુ પરીખ એ જણાવ્યું હતું કે અત્રે આવનાર તમામ પ્રવાસીઓને જાહેર અપીલ કરવામાં આવે છે કે, જ્યારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન પ્રવાસિય પ્રોજકટના પ્રવાસનું આયોજન કરો ત્યારે અમારી વેબસાઈટ www.soutickets.in પરથી જ ટીકિટ બૂક કરાવવાનો આગ્રહ રાખે, અને અમારી એન્ડ્રોઈડ એપ્લિકેશન statue of unity ticket official પરથી પણ ટીકિટ બૂક કરાવી શકાશે. વધુ માહિતી મેળવવા માટે ટોલ ફ્રી નંબર - ૧૮૦૦ ૨૩૩ ૬૬૦૦ પર ફોન કરી શકો છો( મંગળવાર થી રવિવાર,સવારે ૮.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી ) ઉલ્લેખનીય છે કે,પ્રવેશ સ્થળે અત્યાધુનિક મશિનરી દ્વારા ટીકિટ પર છપાયેલ બારકોડ સ્કેન થાય છે અને અત્રે ખાસ તાલીમ પ્રાપ્ત કર્મચારીઓ રાઉન્ડ ધી કલોક પ્રત્યેક ટીકિટ સ્કેન કરતા હોય છે એટલે છેડછાડ કરેલ ટીકિટ અથવા તો ડુપ્લીકેટ ટીકિટ તુર્તજ પ્રકાશમાં આવી જાય છે.

તસવીર : જયોતિ જગતાપ, રાજપીપલા

### મોલ માલિકની દાદાગીરી : મેઢાસણ પાટીયા પર આવેલ મોલમાં ચિઠ્ઠી પર લાખ્ખો રૂપિયાનો વેપલો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના પાટીયા પર છેલ્લા કેટલાક મહીનાથી મોલ બનાવવામાં આવ્યો છે મોલ માલીક ગ્રાહકો સાથે દાદાગીરી કરતો હોવાની અનેક બુમો ઉઠી રહી છે ગ્રામ્ય વિસ્તારના લોકો મોલમાં ડીસ્કાઉન્ટ મળશેની આશાએ ખરીદી કરવા જતા હોય છે ત્યારે મોલ માલિક મૂળ કિંમત ગ્રાહકો પાસેથી ખંખેરી રહ્યો છે દરરોજ હજ્જારો રૂપિયાની ચીજ વસ્તુઓનું ચિઠ્ઠી પર વેચાણ કરી સરકારની તિજોરીને હજ્જારો રૂપિયાનો ચૂનો લગાવી રહ્યો છે જીએસટી તંત્ર ધુતરાષ્ટ્રની ભુમિકા ભજવી રહ્યું હોય તેમ મોલ ધારક સામે આંખો બંધ કરી દીધી છે જો કોઈ ગ્રાહક બીલ માંગે તો મોલ માલિક ગ્રાહક પાસેથી માલ પરત લઇ લેતો હોય છે મોલ માલિક કે મોલમાં નોકરી કરતા કર્મચારીઓ માસ્ક પણ પહેરતા ન હોવાથી સરકારી ગાઈડલાઈનનું ઉલ્લઘન કરી રહ્યા છે

મોડાસા-હિંમતનગર રોડ પર મેઢાસણ પાટીયા પર મોલ બનાવવામાં આવ્યો છે જ્યાંથી આજુબાજુના ૨૦ થી વધુ ગ્રામ વિસ્તારના લોકો જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની ખરીદી કરે છે રોજનું અધધ રૂપિયાનું ટર્નઓવર છતાં હજુ સુધી જીએસટી નંબર મેળવ્યો ન હોવાનું અને ગ્રાહક જીએસટી નંબર વાળું બીલ માંગે તો માલ પરત લઈ લેવામાં આવે છે અને ગ્રાહકને હડધૂત કરવામાં આવતા હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે એક જાગૃત ગ્રાહક મોલમાં ખરીદી કર્યા પછી બીલ માંગતા મોલ માલિક યુવાને ગ્રાહક પાસેથી માલ પરત લઇ લેતા ગ્રાહકે આ અંગેનો વિડીયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો જેમાં મોલ માલિક જીએસટી બીલની માંગ સાથે ગ્રાહક સામે ગલ્લાંતલ્લાં કરતો નજરે પડી રહ્યો છે

# અરવલ્લીમાં કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જીલ્લા પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં જીલ્લા નાગરિક પુરવઠા તથા ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ.

જેમાં જીલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા બેઠકમાં માસ જુન-૨૦૨૧ના અનાજના વિતરણ –પ્રમાણ/ભાવ બાબતે, માસની કેરોસીનની ફાળવણી તેમજ વિતરણ પ્રમાણમાં થયેલ ફેરફાર, વિવિધ કારણસર બંધ થયેલ વાજબી ભાવની દુકાનોના જાહેરનામાં પાડવા, વાજબી ભાવની દુકાનોમાં સ્થળ ફેરફાર, બ્રાંચ હૂઁજી તથા મર્જ કરાવવા થયેલ દરખાસ્ત અન્વયે, અરવલ્લી જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદને માન્યતા આપવા બાબતની, નિગમના ગોડાઉનમાં અનાજ વગેરેના સ્ટોક પોઝીશન અંગેના મુદ્દાઓની માહિતી જીલ્લા કલેકટરશ્રીની સમક્ષ રજૂ કર્યા હતા.

જે અંતર્ગત ભીલોડા,મોડાસા તથા બાયડના ધારાસભ્યશ્રીઓ દ્વારા આ મુદ્દાઓની કામગીરી અંગેની માહિતી સ્પષ્ટ રીતે કરવામાં આવે તથા આ બધી કામગીરી વ્યસ્થિત રીતે થાય છે કે નહી તેવા દરેક મુદ્દાઓની તપાસણી કરાવવા કલેકટરશ્રીને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લા પુરવઠા અધિકારીશ્રીનાં મુદ્દાઓ તથા ધારાસભ્યશ્રીઓના અનેક પ્રશ્નોના નિરાકરણ માટે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, પ્રજાને અનુકુળ આવે તેવા પ્રકારની કામગીરીની વ્યવસ્થા કરવી, સરકારના માર્ગદર્શન પ્રમાણે જ કામગીરી કરવી, અંત્યોદય, એ એ વાય, બી.પી.એલ. કાર્ડ ધારકોને પૂરતા પ્રમાણમાં અનાજ મળવું જોઈએ, પ્રજાને ગેસ કનેક્શન મેળવવા તક અને સમય આપવો તથા સાથે તેમને ધારાસભ્યશ્રીઓના દરેક પ્રશ્નોનું નિરાકરણ લાવીશું અને પ્રજાને આર્થિક રીતે મદદ રૂપ થવું તેવા સુચનો કર્યા હતા.

આ ઉપરાંત જીલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષાતામાં અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગેની બેઠક, મહિલા સુરક્ષા સમિતિની બેઠક તથા પોલીસ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ, ભીલોડા ધારાસભ્યશ્રી ડૉ.અનિલભાઈ જોષીયારા, મોડાસા ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડ ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત, જીલ્લા અધિક નીવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી શ્રીમાળી, પ્રાંત અધિકારીશ્રી મોડાસા, પ્રાંત અધિકારીશ્રી બાયડ, આર.ટી.ઓ. અધિકારીશ્રી, જીલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ડો.દીલીપસિંહ, ખોરાક ઔષધ અધિકારીશ્રી રીઝનલ અધિકારીશ્રી, મહિલા સુરક્ષા અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી એમ.કે.ડોડીયા, નગરપાલિકા પ્રમુખશ્રી મોડાસા,જીલ્લા પુરવઠા મામલતદારશ્રી અરવલ્લી,જીલ્લા સપ્લાય અધિકારીશ્રી ફૂડ એન્ડ સેફટી અધિકારીશ્રી, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગધ,૧ પધ, રચના
વિષય : " કથની - કરણી "' " સુખ : દુઃખ " વિષયક રચનાઓ. . દિવસ - ૬
www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG SS No : 0022
વિષય : કથની- કરણી સુખ , દુઃખ
વિભાગ : ગધ
પ્રકાર : વાર્તા
શીર્ષક : કથન અને શ્રવણ
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

"તમે તો સાવ પોચા છો. તમે એનું સાંભળી કેમ લો છો.? મિત્ર છે એટલે તમને કંઈ પણ કહી જાય!" વિમલાએ પોતાના પતિ સૂરજને ગુસ્સામાં કહ્યું.

સૂરજના ચહેરા ઉપર દર્દની રેખાઓ ઉપસી આવી. તેને વિમલાના કવેણ કઠતાં, પણ તેમાં ક્યાંક સત્ય? છુપાયું છે એ વાત તે સારી રીતે જાણતો હતો. પણ સામે જવાબ આપી દેવો એ તેના સ્વભાવમાં ન હતું. તે હંમેશાં તોળીને બોલતો, શબ્દો કેવા જખમ આપી શકે છે એ વાત તે સારી રીતે જાણતો હતો.

તે પિતાના કડક અનુશાસનમાં મોટો થયો હોવાનો તેને ક્યાંક ફાયદો પણ થયો હતો અને ક્યાંક ગેરફાયદો પણ થયો હતો. તેનાં લગ્ન વિમલા સાથે થયાં હતાં જે મૂળભૂત રીતે વિદ્રોહી સ્વભાવની હતી. તેને કોઈ એક શબ્દ કહે તો સામે બે? શબ્દ પરખાવી દેતી.

મધ્યમવર્ગીય સૂરજે પોતાના મિત્ર શૈલેષ સાથે ભાગીદારીમાં શરૂ કરેલો વ્યવસાય પાંચ વર્ષ પછી પણ બરાબર ન ચાલ્યો એટલે તે છોડી નોકરી કરવાનું નક્કી કર્યું.

શ્રીમંત પરિવારનું સંતાન શૈલેષ માટે વ્યવસાય ફક્ત પ્રતિષ્ઠાનો વિષય હોવાથી તે ઉશ્કેરાઈ ગયો અને સૂરજને કહ્યું,"હવે આટલાં વર્ષ ધંધો કર્યા પછી તને કોણ નોકરી આપશે? તારી મારા વગર કોઈ લાયકાત નથી."

સૂરજે તેને કોઈ પ્રતિભાવ ન આપ્યો એટલે વિમલા તેના ઉપર વરસી પડી.

ચોથે દિવસે જ સૂરજને એક કંપનીમાં નોકરી મળી ગઈ અને આ ખુશખબરી વિમલાને આપી અને શૈલેષને ફોન કરીને સમાચાર આપ્યા.

પછી વિમલાને કહ્યું, "કથન અને શ્રવણનો નિયમ છે. તને ખબર છે, ઈશ્વરે આપણને કાન બે પણ મોઢું એક જ કેમ આપ્યું છે? બોલવું ઓછું અને સાંભળવું વધારે. મારો નિયમ છે કે બોલીને નહીં, કરીને દેખાડવું. શૈલેષની વાત સાંભળીને મેં નક્કી કર્યું હતું કે દસ દિવસની અંદર નોકરી શોધીને દેખાડીશ. શબ્દો બહુ ઊંડા ઘા કરતાં હોય છે?, તેથી સંભાળીને બોલવું."

તેની વાત સાભળીને વિમલા બોલી, "તે તમે ફક્ત નોકરી મળી એટલું જ કેમ કહ્યું? કહેવું હતું ને કે તારા સિવાય પણ મારી લાયકાત છે."

સૂરજે ડોકું ધુણાવ્યું અને મનોમન કહ્યું, "આ નહીં સુધરે."

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

NOG SS No: 0103
વિષય-સુખ- દુઃખ
વિભાગ- લેખ
શબ્દ-૩૪૫
શીર્ષક- સુખ મારો મિત્ર

ભગવાન તથાગતે સંસારમાં અસુખ લાગવાથી સુખની તલાશમાં સંન્યાસ લીધો હતો. બાર વર્ષ બાદ જ્ઞાનની પ્રાપ્તિ સાથે પરિભ્રમણ કરતા પાછા કપિલવસ્તુમાં .તેઓ જ્ઞાનનાં પ્રચાર અર્થે આવ્યા હતા. પોતાના સંસારી જીવનની પત્ની યશોધરા આગળ ભિક્ષા અર્થે આવતા યશોધરાએ ભિક્ષા આપી માત્ર એટલું જ પૂછ્યું: "રાજમહેલનાં વૈભવી સુખમાં તમને શું અસુખ લાગ્યું કે તમે તેને છોડીને ચાલ્યા ગયા".?

ભગવાન તથાગતે સસ્મિત જવાબ આપ્યો: "સુખ હતું , પણ મનમાં અશાંતિ હતી.મારા ભીતર જ સુખ છે તે જ્ઞાનની પ્રાપ્તિ મને સંસાર છોડ્યા બાદ થઇ".

સુખ- દુઃખ તો જીવનની ઘટમાળ છે. સ્વર્ગમાં માત્ર સુખ, નર્કમાં માત્ર દુઃખ, પણ પૃથ્વી પર એક આશ્ચર્ય છે કે પ્રત્યેક જીવ તેનાં કર્મ અનુસાર સુખ-દુ;ખનો અનુભવ કરે છે.

સુખ પછી આવતું દુઃખ આપણે સ્વીકારી નથી શકતાં , અને દુખ પછી આવતાં સુખની અનુભૂતિ અમૂલ્ય થઇ જાઇ છે. સુખ હોવા છતા ,પણ આપણી વધારે અપેક્ષાને ,કારણે આપણે અસંતોષમાં જીવીએ છીએ, અને એ અસંતોષ એટલે દુઃખ જે ચિંતા કરાવે છે. આખરમાં ચિંતાએ ચિતા સમાન છે.

જન્મની સાથે જ માતા દ્વારા દુગ્ધપાન કરાવનાર પરમેશ્વર પર શ્રધ્ધા રાખવી જરૂરી છે. દુઃખમાં તેની કરેલી પ્રાર્થના જ આપણે માટે જાદુની ઝપકી બની શાંતિ પ્રદાન કરે છે.

સુખ દુઃખ તો જીવનમાં આવન -જાવન કરે છે. તે ક્ષણિક હોય છે. નક્કર સુખ તો આપણી ભીતર જ છે. નક્કર સુખ એટલે સ્થિતપ્રજ્ઞ રહી સુખ-દુઃખને સમભાવથી જોવા.

સંસારનાં બાહ્યસુખની સંવેદના સુખની અનુભૂતિ કરાવે છે. આ માનવીનું અજ્ઞાન છે. જ્ઞાની અને સાધક હંમેશા સુખને ભીતરમાં અનુભવે છે. નરસિંહ મહેતા , મીરા જેવા સંતોએ ભીતરમાં રહેલાં સુખને માણીને ઇશ્વરની પ્રાપ્તિ કરી હતી.

ભગવદ્ ગીતાની વાણી ૫ સૌથી પહેલા તો કર્મ પ્રમાણે આપણું પ્રારબ્ધ બંને છે, ત્યારબાદ આપણને શરીર પ્રાપ્તિ થતાં મનુષ્ય જીવન મળે છે. માનવ જીવનને આસુરી તત્વથી દૂર રાખી સત્સંગમાં રહી સાત્વિક ગુણોમાં રાખવું જરૂરી છે.આ જ્ઞાનરૂપી ક્રિયા જ આપણને સુખ આપી મોક્ષ તરફ પ્રયાણ કરાવે છે. સુખને મિત્ર બનાવતાં વિવેકની સજાગતા જાગ્રત થાય છે.

જમાના અનુસાર સંગીતની આ ધૂનને યાદ રાખવી પ.

"યે જીવન હૈ, ઇસ જીવનકા, યે હી હૈ રંગરૂપ,
થોડે ગમ હૈ, થોડી ખુશિયા, ઈન
યે હી હૈ રંગરૂપ,
યે જીવન હૈપ."

નિલમ દોશી મુંબઇ

NOG SS No : 0019
વિષય.. સુખ...દુઃખ
શીર્ષક... સમભાવ
પ્રકાર..ગધ

રમિલાબહેન આજે ખૂબ ખૂશ હતાં. અને એમની ખુશી વ્યાજબી હતી.ખૂબ સંઘર્ષ કરી બંને બાળકો.. વિધિ અને મિલાપને ભણાવી ગણાવી પગભર કર્યા હતાં. મિલાપ ચાર વર્ષ નો થયો ત્યાં જ એનાં પપ્પાને એટેક આવતાં દુનિયા છોડી ચાલ્યાં ગયાં. રમિલાબહેન પર તમામ જવાબદારી આવી પડી.સાસુ,સસરા પણ કાળક્રમે સાથ છોડી ગયાં. સુખ દુઃખ સમભાવે રાખી રમિલાબહેન ગૃહ ઉદ્યોગ ચલાવી પરિવારનું ભરણપોષણ કરતાં હતાં. બાળકોને કોઈ જાતની કમી આવવા ન દીધી,અને સંઘર્ષ સાથે ઝઝૂમી રહ્યાં હતાં. આજે મિલાપને સારી કંપનીમાં નોકરી મળી હતી. એમનાં સ્વપ્ન સાકાર થવાનાં હતાં. એમણે સંસારના સુખ દુઃખ સમભાવ રાખી જીવન જીવી જાણ્યું.

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

NOG SS No : 0055
વિષય : સુખ દુઃખ
વિભાગ : ગદ્ય
(વાર્તા )
શીર્ષક : સુખ દુઃખ

મહેશ રોજ કંપનીએ જ કેનટીનમા ખાઈ લેતો, સંગીતા સાથે લગ્ન બાદ પણ આ જ ક્રમ ચાલુ રહ્યો,વર્ષો પછી સંગીતાને જ્યારે સારા દિવસો રહ્યા ત્યારે પણ , એ જ જાણે સુખ.. ....

આજે ખબર નહિ કેમ? પણ તેને આ બધું કેમ યાદ આવ્યું હતું? સંગીતાની અતિશય મુશ્કેલ પ્રસૂતિ, પુત્રીનો જન્મ અને ત્યારબાદ પાંચ જ દિવસમાં સંગીતા આ દુનિયા છોડી ચૂકી હતી, જાણે દુઃખ ક્રૂરતાની પરાકાષ્ઠાથી બદલો લઈ રહ્યું હતું....

તેના સસરા ખૂબ ભલો માણસ.. દીકરીની અંતિમ યાદ રૂપે દીકરીની દીકરીને સાચવી લીધી, આજે જ્યારે પોતાની યુવાન થયેલી દીકરી તેને લગ્ન પહેલાં મળવા આવી , ઘરે જ રસોઈ બનાવી અને પ્રેમથી બાપને જમાડ્યો,

મહેશની આંખમાંથી સ્નેહની સરવાણી વહેવા લાગી, દીકરી પોતાના બાપ દ્વારા થયેલા આ પાવન અભિષેકથી પરિતૃપ્ત થઈ તો આજે મહેશને આજે સાચુકલો ઓડકાર આવ્યો.......

તે વિચારી રહ્યો... દીકરીના બાપ હોવા જેવું બીજું કોઈ સુખ ખરૂ ????

જીવનભરનું દુઃખ આપી ગયેલી સંગીતા આજે સૌથી મોટા સુખનું કારણ હતી ..તેની મૃત જીવનસંગિની જાણે મૌન આશિષ વરસાવી રહી હતી .

શ્રદ્ધા ભટ્ટ..વાપી

---

NOG SS No : 0015
વિષયઃ- સુખ - દુઃખ
વિભાગઃ- પદ્ય
પ્રકારઃ- હાઈકુમાળા

જગત શોધે,
સુખનું સરનામું
ક્યાંય ન મળે.

જીવન ગાથા
સુખ-દુઃખ સંગાથે
ગવાતી રહે.

ભીતર મળે,
જીવન કેરું સુખ
શાંત પળોમાં.

દુઃખનું દર્દ,
સુખ આવી ભુલાવે
જગ આખાને.

સુખ ને દુઃખ
સિક્કાની છે બે બાજુ,
યાદ રાખજો.

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ), ખેરાળી

NOG. SS. NO. 0098
प्रकार:- गद्य
विषय:- कथनी-करनी
शीर्षक:- दोहरापन

संसार में दोहरे मापदंड से जीवन व्यतीत करते इंसान आपको बिना खोज के यूं ही मिल जाएंगे। मेरी भी मुलाकात हुई थी ऐसे ही सज्जन पुरुष मिश्रा जी से। जो हमारे दूर के रिश्ते में चाचा जी हैं।

मैं कुछ दिनों के लिए मिश्रा जी (चाचाजी) के घर गयी थी।

मिश्रा जी (चाचाजी) दोपहर को खाना खाने घर आए तो खाना बनने में थोड़ा वक्त था। उन्होंने गुस्से में (चाचाजी) को डांटना शुरू किया, तुम दिनभर करती क्या हो? समय पर खाना नहीं बनता तुमसे? मोबाईल पर सहेलियों से गप्पे मारने में व्यस्त होंगी।
थोड़ी ही देर में मेज पर भोजन की थाली आ चुकी थी। चाचाजी जल्दी जल्दी खाना खाने लगे।इसी बीच कामवाली (बाई ) को भरे थैलों के साथ बाहर जाते देखा। वो कुछ पूछें उससे पहले ही चाचीजी ने बताना शुरू किया कि कामवाली (बाई) के बेटा बहू गांव गये थे ।बहू को कोरोना हो गया है । गांव से आने में समय लग जाएगा ऐसा बाई बोल रही थी , और बहुत परेशान थी तो मिश्रा जी मैंने महीने भर का राशन देकर मदद कर दी। इतना सुनते ही चाचीजी और आगबबूला हो गये। मैं रात-दिन महेनत करके कमाता हूं, और तुम मेरी पसीने की कमाई को यूं ही लुटा दो । बहुत दानवीर बन रही हो। और भी ना जाने क्या क्या अनाप-शनाप गुस्से में बोले जा रहे थे।

इतने में दरवाजे की घंटी बजी। दरवाजे खोला तो सामने सोसायटी के कमिटी मेंबर्स हाथ में रसीद बुक लिए खड़े थे। अंदर आए ।बैठे और कहने लगे , मिश्रा जी सोसायटी में विशाल बगीचे बनाने हैं। बच्चों के लिए झूले व बैठने के लिए बैंच १०,१२ लगवानी है।
सबसे पहले हम आपके घर ही आए हैं। कितने की रसीद बना दें? ऐसा कहकर रसीद बुक निकाल कर सब मिश्रा जी की और देखने लगे।

मिश्रा जी ने कहा आप ये रसीद काटने का चक्कर छोड़िए और जल्दी से जल्दी इस कार्य का शुभारंभ करें। इसकी कार्य की जितनी भी लागत आएगी वो मेरी ओर से।इतना कहते ही चाचीजी उन्हें मुस्कुराते हुए लगातार देखे जा रहीं थीं।

उन सबके जाने के बाद मिश्रा जी(चाचा जी) भी नजरें झुकाए चुपचाप चले गए। दोस्तों , उस दिन मिश्रा जी (चाचाजी) के व्यवहार ने कथनी-करनी दोनों रूपों को दिखाया।

लीना शर्मा।

## સાકરીયા- સોહનપુરા સરપંચ- તેમજ ગ્રામજનોએ દારૂના અડ્ડા બંધ કરાવવા મામલતદાર ને આવેદનપત્ર આપ્યું



કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશન ની હદમાં દેશી-પરપ્રાંતીય દારૂ વરલી જુગારના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધોકાર ચાલી રહયા હોવા છતાં સ્થાનિક પોલીસ તંત્ર હપ્તાના હડમાલામાં મૂક સેવક બની તમાશો જોઈ રહી છે. જિલ્લા એલ.સી.બી. બાતમીના આધારે મોટો જથ્થો પરપ્રાંતીય દારૂનો ઝડપવામાં સફળ થાય છે.પણ થરા પોલીસને આ બદી દેખાતી નથી.વરલી જુગાર અને દારૂના રવાડે લબરમુછિયા ચડવા લાગ્યા છે ને કેટલાય પરિવાર બરબાદ થઈ રહયા છે થરા પી. એસ. આઇ. અને પોલીસ ટીમ સામે લોકો અનેક સવાલો કરી રહયા છે થરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કાંકરેજ તાલુકાના સોહનપુરા -સાકરીયા-ગ્રામ પંચાયત મહીલા સરપંચ પારુબેન ઉજાજી જગાણી અને ગ્રામ લોકો દ્વારા પોતાના ગામમાં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા આવેદનપત્ર થરા પી.એસ.આઈ. એમ.બી.દેવડાને આપવામાં આવ્યુ છતાં થરા પોલીસ દ્વારા સોહનપુરા-સાકરીયા ગામમાં દારૂ ની હાટડીઓ ચલાવનારા સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવતાં આખરે કાંકરેજ મામલતદાર એમ.ટી.રાજપૂત ને આવેદનપત્ર આપી ને રોષ વ્યકત કર્યો હતો.... થરા પોલીસ સ્ટેશનમાં લેખીત અરજી તેમજ મોખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ પણ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી ત્યારે ફરીથી એક નકલ થરા પોલીસ સ્ટેશનમાં પણ આવેદનપત્ર પીએસઆઇ એમ બી દેવડા ને આપ્યું હતુ સોહનપુરા-સાકરીયા ગામમાં દારૂ પીને બક્વાસ કરતા દારૂડિયા અને દારૂના અડ્ડાવાળા સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામ લોકોની માંગ બુલંદ બની છે ત્યારે હવે જોવું રહ્યું કે આખરે જીલ્લા પોલીસ વડા દ્વારા જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવા સ્થાનિક પોલીસ તથા જિલ્લા એલ.સી.બી.ને અપાય આદેશનું શું??? દિયોદર ડીવાયએસપી શિહોરી સીપીઆઈ તાત્કાલિક ધોરણે થરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પોલીસ સબ ઇન્સ્પેકટર અને જે તે બીટ જમાદાર સામે કાર્યવાહી કરશે કે કેમ??મહીલા સરપંચ તથા ગ્રામજનો અડ્ડાવાળા તરફથી ખૂન ખરાબી થાય તે પહેલાં તંત્ર જાગશે તેવી આવેદનપત્રમાં શંકા વ્યક્ત કરવામાં આવી છે... સોહનપુરા-સાકરીયા ગામ લોકોએ થરા પોલીસ હપ્તા લઈને આંખ આડા કાન કરવા ટેવાયેલા છે એવું મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું.

બોર્ડર રેન્જ આઇ.જી.જે. આર. મોથલીયા, જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ મહીલા સશક્તિકરણને ધ્યાનમાં રાખીને થરા પોલીસ સ્ટેશન હદના કાકરેજ તાલુકાના સોહનપુરા-સાકરીયા ગામે ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવા માટે સફળ થશે. જિલ્લા એલ.સી.બી. ના બાહોશ પીઆઇ. પીએસઆઈ અને તેમની ટીમ આ આવેદનપત્ર ને ધ્યાનમાં રાખીને દારૂના અડ્ડાવાળાઓને પકડવામાં સફળ થશે? થરા તાણા નગરમાં ચાલતા બેફામ વરલી જુગાર ના અડ્ડાઓ કોને દેખાશે.?

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

## જવાબદારી

હેતલ આજે ખુબ ખુશ હતી. બે વર્ષ પછી એના છૂટાછેડાનો નિકાલ આવ્યો. એના લગ્નને ત્રણ

વર્ષ પૂરા થયા પણ લગ્ન પછી એણે કોઈપણ પ્રકારનું સુખ જોયું નહોતું અને બિચારી ઘર અને નોકરી બંને સંભાળતા સંભાળતા ખુબ ગંભીર બીમારીમાં પણ પટકાઈ હતી. ઘરમાં એની કોઈ કદર નહોતી અને વર થોડો અતરંગી અને થોડીક છાંટોપાણી પણ લેતો થઈ ગયેલો. એટલે ધોલધપાટ એને માટે કોઈ નવાઈ ન હતી. ફક્ત સાસુ સસરાને જ એની ખુબ દયા આવતી. પણ એ બંને વયોવૃદ્ધ હતા અને એમની કોઈ કમાણી હતી નહી,એટલે એ બંને નું ઘરમાં કંઈ જ ચાલતું નહોતું. બધા હેતલ ની કમાણી

પર જ નભતા હતા.

જો કે હેતલ ની ખુશી બહુ લાંબી ચાલી નહીં કેમકે બંને જણા અત્યારે કોરોના સંક્રમિત અને હોસ્પિટલમાં હતા.

દસ દિવસ પછી હેતલને જ્યારે રજા મળી ત્યારે એણે પિયર

જવાનો નિર્ણય કર્યો.પણ હમણાં તો એને

૧૪ દિવસ કોરન્ટાઇન માં રહેવાનું હતું એટલે અહિયાં રહેવા સિવાય

કોઈ છૂટકો જ નહોતો.

એમાં બે દિવસ પછી હેતલ નો વર ઓક્સિજન ઓછું થવાથી હોસ્પિટલમાં જ દેહાંત પામ્યો. હેતલને માથે આભ પડ્યું.એનું બધું આયોજન નિષ્ફળ થઈ ગયું. સાસુ સસરાની જવાબદારી હવે

પોતાને માથે આવી ગઈ. હવે શું કરવું એની એને કોઈ ગતાગમ પડી નહીં

આમ ને આમ દિવસો વીતવા માંડ્યા. ત્યાં અચાનક એને પોતાનું

એક ઘર હતું એ યાદ આવ્યું.

એણે તરત જ સાસુસસરાને

કહ્યું કે તમે આ ઘર ભાડે આપી દો અને મારી સાથે રહેવા આવી જાવ, જ્યાં મારું પોતાનું ઘર છે.તમારો હાથ પણ થોડો છુટ્ટો

રહેશે અને મેં મારી જવાબદારી

છૂટાછેડા પછી પણ નિભાવી એનો

મને સંતોષ થશે.

ઘનશ્યામ વ્યાસ.મુંબઈ

### પાલનપુર ખાતે કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને

# નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

પાલનપુર ખાતે કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારની દુકાનોના સ્થળ બદલવા માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી તથા ડીસા તાલુકાના પાલડી ગામે વ્યાજબી ભાવની દુકાન ન હોઇ રામવાસ વ્યાજબી ભાવની દુકાને જવુ પડતુ હતું જે અંતર વધારે હોવાથી પાલડી ગામે બ્રાન્ચ એફ.પી.એસ. મંજુર કરવામાં આવી હતી. ગ્રાહક ભંડારની દુકાનોને ૧૦૦ ટકા ઈએફપીએસ કરવા, ગ્રામ્ય/તાલુકા/ જિલ્લા કક્ષાની તકેદારી સમિતિની રચના અને બેઠક મળવા અંગે, અન્ન સલામતિ જથ્થાના કેસો અને ગ્રાહક સુરક્ષા મંડળોના કેસોની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં પુરવઠા વિષયક કામગીરીની ચર્ચા દરમ્યાન જિલ્લા પુરવઠા અધિકારી એસ. જે. ચાવડાએ માહિતી આપતાં જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં જૂન-૨૦૨૧ દરમ્યાન ૧૨૯-એફ.પી.એસ. તથા ૨-



પરવાનાની તપાસણી કરવામાં આવેલ છે. આ માસમાં ૪૦ કેસોનો નિકાલ થયો છે. જેમાં રૂ. ૧૧,૨૦,૦૦૦/-નું બાયોડીઝલ જેવું ભેળસેળયુક્ત પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો સીઝ કરવામાં આવેલ છે તેમજ ૨૦ પરવાના મોકુફ કરવામાં આવ્યાં છે. તેમણે કહ્યું કે, અન્નપૂર્ણા યોજના હેઠળ જિલ્લામાં જૂન-૨૦૨૧ના મહિનામાં ૧૮ લાભાર્થીઓને લાભ અપાયો છે. ભૂખમરો અને કુપોષણથી રક્ષણ આપવા માટે અન્નબ્રહ્મ યોજનામાં ૮૨ જરૂરીયાતમંદ લાભાર્થીઓને લાભ અપાયો છે. તેમણે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં કુલ-૧૦૨૪ વ્યાજબી ભાવની દુકાનો મારફત લોકો સુધી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

બેઠકમાં ધારાસભ્યો સર્વ શશીકાંતભાઇ પંડ્યા, નથાભાઈ પટેલ, કાંતિભાઇ ખરાડી, મહેશભાઈ પટેલ, કીર્તિસિંહ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નીલ ખરે, સમિતિના સભ્યો સર્વ ડીસા નગરપાલિકાના પ્રમુખ રાજુભાઇ ઠક્કર, ગણપતભાઇ રાજગોર, કેશરસિંહ પરમાર સહિતના સભ્યઓ ઉપસ્થિશત રહ્યાં હતાં.

રીપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# જિલ્લા વિકાસ અધિકારી પલસાણાના અધ્યક્ષપદે જિલ્લા સંકલન-સહ-ફરિયાદ નિવારણ સમિતિની યોજાઇ બેઠક



રાજપીપલાતા ૧૭

નર્મદા જિલ્લા વિકાસ અધિકારી પી.ડી.પલસાણાએ જનપ્રતિનિધિઓ દ્વારા જિલ્લા પ્રસાશનના જુદા જુદા વિભાગોને લગતી કરાતી લોકરજૂઆતોનો સમયસર, વાજબી અને ઝડપી નિકાલ-ઉકેલ લાવવાની સાથોસાથ જે તે પ્રશ્નના કરાયેલા નિકાલ-ઉકેલ અંગેની વિગતવાર બાબતની જાણકારીથી સંબંધિત જનપ્રતિનિધિ સમયસર વાકેફ થાય તે રીતેની કાર્યપ્રણાલી અપનાવવા ખાસ અનુરોધ કર્યો છે.

નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવા, ઇન્ચાર્જ નિવાસી અધિક કલેકટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એલ.એમ.ડીંડોર, નાયબ વન સંરક્ષક પ્રતિક પંડયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેજસ ચૌધરી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એન.યુ.પઠાણ, જિલ્લા આયોજન અધિકારીશ્રી પ્રશાંત પાંડે, મુખ્ય જિલ્લાઆરોગ્ય અધિકારીશ્રી ડૉ.કે.પી.પટેલ, સિવિલ સર્જનશ્રી અને CDMO ડૉ.જ્યોતીબેન ગુપ્તા સહિત જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં આજે રાજપીપલા કલેક્ટરાલય ખાતે યોજાયેલી જિલ્લા સંકલન-સહ-ફરિયાદ નિવારણ સમિતિની બેઠકને અધ્યક્ષસ્થાનેથી સંબોધતા જિલ્લા વિકાસ અધિકારી પી.ડી.પલસાણાએ જિલ્લાના દરેક તાલુકાઓમાં વિકાસ કામોનું સપ્રમાણ રીતે આયોજન કરવાની સાથે જનપ્રતિનિધિશ્રીઓ દ્વારા રજૂ કરાતી બાબતોને વિશેષ પ્રાધાન્ય અપાય તે જોવાની જરૂરિયાત પર ખાસ ભાર મુક્યો હતો.

જિલ્લા વિકાસ અધિક પી.ડી.પલસાણાએ ઉકત બેઠકમાં વિવિધ વિભાગોની સરકારી બાકી લેણાંની વસુલાતની કામગીરી ઝુંબેશ રૂપે હાથ ધરીને આ કામગીરી ઘનિષ્ટ બનાવવા અને રૂટીન વહિવટી કામગીરીની જેમ બાકી વસૂલાતની કામગીરી પણ નિયમિત રીતે થતી રહે તે મુજબની લક્ષ્યાંક સિધ્ધિ માટેનું સુચારૂં આયોજન ઘડી કાઢવાની હિમાયત કરી હતી.

આ બેઠકમાં સરકારી કચેરીઓના બાકી તુમાર સેન્સસ, બાકી કાગળોના નિકાલ, કર્મચારીઓના ઉચ્ચત્તર પગાર ધોરણ, બાકી પેન્શન કેસ, પ્રવર્તતા યાદી, ખાનગી અહેવાલ, પ્રાથમિક તપાસ, ખાતાકીય તપાસ, નાગરિક અધિકારપત્ર હેઠળની અરજીઓના નિકાલ, રેકર્ડ વર્ગીકરણ વગેરે જેવી કામગીરી સંદર્ભે જિલ્લાની તમામ કચેરીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી અને જે તે બાબતોના ઝડપી ઉકેલ-નિકાલ માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## હકારાત્મક અભિગમ દાખવી પ્રજાના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવીએ-કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના

# અરવલ્લી જીલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્રીમતિ શ્વેતા તેવટીયાની ઉપસ્થિતિમાં જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ.

જેમાં અંતર્ગત ભીલોડાના,બાયડ,મોડાસાના ધારાસભ્યશ્રીઓ દ્વારા તાલુકાના વિવિધ ગામોના વિકાસલક્ષી કામોની સંકલન તથા ફરિયાદ સમિતિના પ્રશ્નોને જીલ્લા કલેકટરશ્રી સમક્ષ રજુ કરાયા.

જેમાં ભીલોડા ધારાસભ્યશ્રી દ્વારા બેઠકમાં ભીલોડા તાલુકામાં જેશીંગપુર-હાથીયા-અભાપુર-મહેરું-ભેટાલીનો સ્ટેટ હસ્તકનો રસ્તો અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં સિંચાઈની સુવિધાઓ વધારવા, તાલુકામાં "નળ સે જલ" યોજના અંતર્ગત પીવાનું પાણી આપવા માટે આદિવાસી વિસ્તારના કેટલા ગામ અને ઘર બાકી છે તેમજ ભીલોડા તાલુકામાં બસ સ્ટેન્ડ આગળ નવીન શોપિંગ સેન્ટરમાં ફાળવેલી કેબીન અને ભીલોડા તાલુકા મથકે બસ સ્ટેન્ડની સામે આવેલા તળાવની જમીન બાબત, અને ભીલોડા કોટેજ હોસ્પિટલના નવીનીકરણની બાબતના પ્રશ્નો રજુ કર્યા હતા.

મોડાસા ધારાસભ્યશ્રી દ્વારા મુલોજ સોલાર પ્લાન્ટમાં થયેલા દબાણ,રહિયોલ ગોપાલ સ્નેક્સ યુનીટમાં બિન ખેતી કરાયેલી જમીન અને મોડાસા નગરપાલિકા દ્વારા લીમડા તળાવ બ્યુટી ફિકેશન, અરવલ્લી જીલ્લામાં સરકારી દવાખાના તથા ટ્રસ્ટોની હોસ્પિટલમાં અને ખાનગી હોસ્પિટલમાં કેટલા રેમડેસીવીર ઈન્જેક્શન ફાળવાયા તેમજ અરવલ્લી જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા સસ્તા અનાજની દુકાનોમાં કેટલો માલ પહોંચાડવામાં આવ્યો તે અંગેના પ્રશ્નો રજુ કર્યા હતા.

સાથે બાયડ ધારાસભ્યશ્રી દ્વારા પણ માલપુર તાલુકાના રંભોડા-સમાહો રોડના અધૂરા કામનો તથા કોવિડ-૧૯ થી ગામડાઓમાં બંધ થયેલ બસ સેવા ચાલુ કરવાની અને અંબાવા ગામે ગામે કનેક્ટીવીટી સેવાને ચાલુ કરવા તથા બાયડ તાલુકામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત પાણીના તળ ઉંચા લાવવા, વાત્રક અને માઝૂમ નદીમાં પાણી કાયમી વહેતું રહે અને પીવાના પાણીની વ્યવસ્થા મળી રહે તેવા પ્રશ્નોનો નિકાલ કરવા અંગે કલેકટરશ્રીને અનુરોધ કરાયો.

આ બેઠકમાં જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, સંકલનના અમલીકરણ અધિકારીઓને અરવલ્લી જીલ્લાના



ધારાસભ્યશ્રીઓના દરેક પ્રશ્નોનોનું ઝડપથી નિરાકરણ આવે, તથા પ્રજાના પ્રશ્નોનો હકારાત્મક નિરાકરણ આવે તે દિશામાં કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ, ભીલોડા ધારાસભ્યશ્રી ડૉ.અનિલભાઈ જોષીયારા, મોડાસા ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડ ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, જીલ્લા અધિક નીવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, પ્રયોજના વહીવટદારશ્રી મુનિયા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ડી.બી.દાવેરા, નાયબ વન સંરક્ષકશ્રી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી શ્રીમાળી તથા સંકલન અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આરોગ્ય તંત્ર દવાનો છંટકાવ કરે તેવી માંગ

# મોડાસાના હફસાબાદ ગામમાં ચુડવેલ નામની જીવાતના ઉપદ્રવ થી પ્રજાજનો ત્રાહીમામ

અરવલ્લી બ્યુરો મઠવાસ

ચોમાસાની ઋતુને આરંભે વરસાદની પ્રથમ હેલી અને ભેજવાળા વાતાવરણમાં દર વર્ષે અરવલ્લી-સાબરકાંઠાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં બે ઇંચ લાંબી ઈયળ જેવી દેખાતી અને ચુડવેલ તરીકે ઓળખાતી જીવાત રાતોરાત લાખ્ખોની સંખ્યામાં દેખા દેતી હોય છે મોડાસા શહેરને અડીને આવેલા હફસાબાદ ગામમાં ચુડવેલના અસહ્ય બનેલા ઉપદ્રવથી પ્રજાજનો ઘર છોડવા મજબુર બનવું પડે તેવી સ્થીતીનું નિર્માણ થયું છે આરોગ્ય તંત્ર દ્વારા મોટી મોયડી ગામે દવાનો છંટકાવ કરી ચુડવેલના ઉપદ્રવને નાથવા અને નાશ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે

મોડાસા તાલુકાના હફસાબાદ ગામને જાણે ચુડવેલ નામની જીવાતે ઘેરી લેતા પ્રજાજનો માટે આફતરૂપી બની રહી છે મોડાસા પંથકમાં છુટા છવાયા વરસાદે વિરામ લીધા બાદ ગામમાં ચુડવેલ નામની જીવાત નો ઉપદ્રવ વધ્યો છે હફસાબાદ ગામના તમામ મકાનો ની છત પર દીવાલો પર ઘરના રસોડા માં બહાર ચોક માં સર્વત્ર ચુડવેલો ના ઢગ ખડકાયા છે જ્યાં નજર કરો ત્યાં ચુડવેલ ના ઝુંડ જોવા મળે છે આ ઉપદ્રવ ના કારણે સ્થાનિક રહીશો પોતાના રસોડા માં રસોઇ પણ બનાવી શકતા નથી પશુપાલન ના વ્યવસાય માં પણ ચુડવેલો ના કારણે દૂધ કાઢવા માં પણ તકલીફ પડેછે દૂધ કાઢવા કે જમવા બેસે તો ઉપર થી ચુડવેલ જમવામાં પડેછે આવી હાલાકી ને કારણે રહીશો તોબા પોકારી ઉઠ્યા છે ઘરની દીવાલો માં અને છત પર ડિઝાઇન પાડી હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે ખુલ્લા રસ્તા પર પણ ચુડવેલો ના ઢગલા જોવા મળ્યા ચુડવેલ ના ઉપદ્રવ ના કારણે ક્યારેક રોગચાળો ફાટી નીકળવાની સંભાવના રહેલી છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ચુડવેલો નો ઉપદ્રવ અટકાવવા માટે દવા નો છંટકાવ કે અન્ય કોઈ ઉપાય કરવામાં આવે એવી સ્થાનિકો ની માગ રહેલી છે

# ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ



ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર અને ગાંધીનગર મેડિકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં થયેલી કામગીરીની સમીક્ષા બેઠકનું આયોજન મેડિકલ કોલેજના ડીનના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાંથી ટી.બીને નાબૂદ કરવાનું આહ્‌વાન કર્યું છે. જેના અનુસંધાને સમાજમાં રહેલા ટી.બી. રોગના તમામ દર્દીઓની સમયસર શોધ થાય અને નિયમિત સારવાર મળી રહે, તેવું સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

આજરોજ ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા બેઠકમાં, મેડિકલ કોલેજમાં આરોગ્યની તપાસ અર્થે આવતાં નાગરિકોમાં ટીબીના લક્ષણો હોય તેવા તમામ નાગરિકોની ટીબી તપાસ થાય તેવું નક્કી કરાયું હતું. આ ઉમદા હેતુને સાર્થક કરવા માટે મેડિકલ કોલેજના ઓપીડી વિભાગની કેસ બારી પર જ તપાસ માટે આવેલા દર્દીના કેસ પર જ લાલ રંગનો ફાસ્ટ્રેકનો સિક્કો લગાવવામાં આવશે. જેથી ટીબીના લક્ષણો દેખાતા દર્દીની ઝડપથી તપાસ કરવામાં આવે. આ વ્યવસ્થા સુચારું રીતે ગોઠવાય તે માટે મેડિકલ કોલેજના તમામ વિભાગના વડા સાથે બેઠક પણ કરવામાં આવી હતી. ટીબીને નાબૂદ કરવા અને ટીબીના કેસ શોધવા માટે હવેથી ટીબીના શંકાસ્પદ દર્દીની પણ તપાસ કરવામાં પણ આવશે.

# નાંદોદ ગરૂડેશ્વર તાલુકા નાં જૂથ ૧૧ માં જંગી બહુમતીથી ચુટાઈ આવતા સહકારી આગેવાન સુનિલભાઇ પટેલની હેટ્રિક



રાજપીપલા, તા ૧૭

ભરૂચ-નર્મદા જીલ્લાનાં ભારતીય જનતા પાર્ટીના યુવા આગેવાન અને ગુજકોમાસોલ અમદાવાદ નાં ડિરેક્ટર,અને ભરૂચ-નર્મદા જીલ્લા નાં સહકારી ક્ષેત્ર નાં વરિષ્ઠ આગેવાન સુનિલભાઇ પટેલ મુ.કાદરોજ ને ભરૂચ-નર્મદા જિલ્લા ની ટોચ ની એકમાત્ર સંસ્થા ઘી.ભરૂચ ડીસ્ટ્રીક સેન્ટ્રલ કો.ઓ.બેક્ર.લી નાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની ચુંટણી માં નાંદોદ ગરૂડેશ્વર તાલુકા નાં જૂથ ૧૧ માં જંગી બહુમતીથી ચુટાઈ આવતા તેમને અભિનંદનપાઠવ્યા હતા.તેઓ સતત ત્રીજીવાર ચૂંટણી જીત્યા છે.તેમણેબેંકમાં સ્વચ્છ અને લોકભિમુખ વહીવટ કરવાની ખાત્રી આપી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક કોરોનાનો કેસ નોધાયો

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર તા. ૧૬ જુલાઇના ૫.૦૦ કલાક બાદ એક કોરોનાનો કેસ નોંધાયો છે. તેમજ એકપણ વ્યક્તિનું મૃત્યૃ થયું નથી. એક વ્યક્તિને ડિસ્ચાર્જ કરવામાં આવી છે. આજે જિલ્લામાં કુલ- ૭,૮૬૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં દાખલ દર્દીઓ ૫૦ છે. તેમજ ડિસ્ચાર્જ ૯,૬૫૧ દર્દીઓને કરવામાં આવ્યા છે. ૧૨૮ વ્યક્તિઓ હોમ કવોરોન્ટાઇનછે. આજે દહેગામ તાલુકાના ખાનપુર ગામની ૫૨ વર્ષીય ગૃહિણી કોરોના પોઝિટીવ આવ્યો છે. જેઓ હોમ આઇસોલેશનમાં છે. કોરોનાને નાથવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ર્ડા.કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમના માર્ગદર્શન હેઠળ, આરોગ્ય તંત્રના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ર્ડા. મનુભાઇ સોલંકી અને તેમની ટીમ દ્વારા કોરોનાનું રસીકરણ સુચારું રીતે થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આજે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ કોરોના રસીના સેન્ટરો પર કુલ ૭,૮૬૩ વ્યક્તિઓને કોવિડ- ૧૯ની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪,૩૨,૬૭૮ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૧૮,૬૪૯ વ્યકતિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

# આગામી ઈદના તહેવારને લઈ વંથલી ખાતે શાંતિ સમિતિની બેઠક મળી..



આગામી તા.૨૧ ના રોજ બકરીઈદ ના તહેવાર શાંતિપૂર્વક યોજાય તેને લઇ વંથલી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી આ તકે પી. એસ. આઈ. એસ. એન. ક્ષત્રિયએ કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરી તહેવારની ઉજવણી કરવા અપીલ કરી હતી. આ બેઠકમાં યાસીનભાઈ અગવાન, ઈરફાનશાહ સર્વદી,સલીમભાઇ મિર્ઝા, બાવામિયાંબાપુ, અરજણભાઈ વિધામલ, ભોલુભાઈ તેમજ હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

# નર્મદા જિલ્લા ક્ષય અધિકારી તરીકે બઢતી મેળવી બઢતીવાળી જગ્યાનો હવાલો સંભાળતા ડો.ઝંખનાબેન વસાવા




રાજપીપલા,તા ૧૭

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના લાછરસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડૉ.ઝંખનાબેન એમ.વસાવાની નર્મદા જિલ્લાના ક્ષય અધિકારી(વર્ગ-૧) તરીકે બદલી સાથે બઢતીથી નિમણૂંક થતાં ડૉ.ઝંખનાબેન એમ.વસાવાએ તાજેતરમાં રાજપીપલા ખાતે તેમની બઢતીવાળી જગ્યાનો હવાલો સંભાળી લીધેલ છે.

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ભુછાડ ગામના વતની ડૉ.ઝંખનાબેન વસાવાએ એમ.બી.બી.એસ. ની પદવી મેળવ્યા બાદ સને-૨૦૦૫ માં તિલકવાડા તાલુકાના અગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર તરીકેની સેવાઓમાં જોડાઇને તેમની યશસ્વી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ ડૉ.ઝંખનાબેન વસાવાએ દેડીયાપાડા તાલુકાના ગોપાલીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પણ મેડીકલ ઓફિસર તરીકે સેવાઓ આપી હતી અને આશરે છેલ્લા આઠેક વર્ષની તેમની લાછરસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેની સેવાઓ દરમિયાન સરકારની આરોગ્ય અને જન-સુખાકારીલક્ષી યોજનાઓ અને તે અંગેના ખાસ કાર્યક્રમોના સઘન અમલીકરણમાં તેઓનું વિશિષ્ટ યોગદાન રહેલું છે. નર્મદા જિલ્લાના તેમના ઉક્ત સેવાકાળ દરમિયાન સાગબારા અને ગરૂડેશ્વર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર તરીકેની વધારાના હવાલાની જવાબદારીઓ પણ તેમણે સુપુરે નિભાવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ડૉ.ઝંખનાબેન વસાવાએ તેમની ઉક્ત તબીબી સેવાઓ દરમિયાન ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ-ગાંધીનગર ખાતે ડિપ્લોમા-ઈન-પબ્લીક હેલ્થ મેનેજમેન્ટની ખાતાકીય તાલીમ પણ મેળવેલ છે. કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર આરોગ્ય સુવિધાઓ અંતર્ગત નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ ક્ષેત્રે જિલ્લાના લાછરસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને પુરસ્કૃત કરાયું હતું. તેવી જ રીતે સને ૨૦૧૯-૨૦ ના વર્ષના કાયાકલ્પ એવોર્ડ અંતર્ગત લાછરસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાને વિજેતા સાથે પુરસ્કૃત કરાયું હતું. આમ, નર્મદા જિલ્લામાં આરોગ્ય સેવાઓ ક્ષેત્રે ડૉ.ઝંખનાબેન વસાવાના વિશેષ પ્રદાનની રાજય અને જિલ્લાકક્ષાએ આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલી વિશેષ નોંધ થકી તેમની કામગીરીને બિરદાવાઇ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા



**આજે લાયન્સ કલબ ઓફ અમદાવાદ ઇન્ટરનેશનલ અને લાયન્સ ડિસ્ટ્રિક્ટ.૩૨૩ ૩૨ બી /૧ ના સયુકત ઉપ્રકમે લાયન્સ બિઝનેસ નેટવર્ક નુ આયોજન કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે વતમાન ગવર્નર શ્રી.જગદીશ અગ્રવાલ. પુવ ગવર્નર શ્રી નરેન્દ્ર પટેલ તેમજ લાયન્સ ના અગ્રણી ની હાજરી મા અમદાવાદ ના ૮૦ થી વધુ વેપારી ઓ એભાગ લય પોતના બિઝનેસ ને આગળ વધારવા લાયન્સ બિઝનેસ નેટવર્ક મા જોડાયા હતા આ પ્રસંગે જૂનાગઢ ના લાયન્સ ડો.પી.સી.જોષી હાજર રહી આ બિઝનેસ નેટવર્ક નુ દિપ પાગ્રટય કરી કાર્યક્રમ નો પ્રારંભ કરાયો હતો**

# તિલકવાડા તાલુકાના ઝાઝપુરા ગામની સીમમાં ચપ્પુ અને કોદાળી જેવા મારક હથિયારો ઉછળ્યા

રાજપીપલા, તા.૧૭

તિલકવાડા તાલુકાના ઝાઝપુરા ગામની સીમમાં ચપ્પુ અને કોદાળી જેવા મારક હથિયારો ઉછળતા ત્રણ ઈસમો સામેતિલકવાડા પોલીસ મથકે પોલીસ ફરિયાદનોંધાઈ છે.

જેમાં ફરીયાદી અરવિંદભાઇ સોમાભાઇ બારીયા( ઉ.વ.૫૬ ધંધો-ખેતી રહે-ઝાઝપુરા તા.તિલકવાડા જી-નર્મદા)એ આરોપીઓ (૧) સંજયભાઇ સુખાભાઇ બારીયા (૨) જનકભાઇ સુખાભાઇ બારીયા (૩) ઇંદ્રવદન સુખાભાઇ બારીયા (તમામ રહે-ઝાઝપુરા તા-તિલકવાડા જી-નર્મદા)તિલકવાડા પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગત અનુસાર આરોપીએ ફરી.ને જમીનમાં ભાગ નહીં આપુ તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ ગમે-તેમ ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી તેમજબીજા આરોપીએ તેના હાથમાંનું ચપ્પ ફરી.ના જમણા હાથમાં લીસોટો પાડી ઇજા પોહોંચાડેલ તથા આરોપી સાહેદ જયેશભાઇ અરવિંદભાઇ બારીયાએ છાતીના ભાગે નખ વગાડી ઇજા કરેલ તથા ગીરીશભાઇ બચુભાઇ બારીયાને તેના હાથમાંની કોદાળી થી માથાના ભાગે મારી ઇજા પહોંચાડીઆ ત્રણેય ઈસમો ગમેતેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એક બીજાને મદદગારી કરતા પોલીસે આરોપીઓસામે ફરિયાદ આપતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.